**અરજદાર : હિતેન આર શાહ નાઓની કામચલાઉ ધોરણે પાસપોર્ટ પરત મેળવવા તેમજ વિદેશ જવા પરવાનગી મેળવવા અંગે અરજી**

(૧) અરજદારની હાલની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, સાંતેજ પો.સ્ટે.ગુ.ર.નં . ૧૧૨૧૬૦૨૫૨૦૦૨૧૧/૨૦ ના કામે આરોપીને નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા જામીન ઉપર છોડવામાં આવેલ અને તે હુકમની શરતો અનુસાર તેમનો પાસપોર્ટ અત્રેની કોર્ટમાં જમા કરાવેલ છે, જે પાસપોર્ટ નં. C8731997 જે ઈન્વર્ડ નંબર ૧૩/૨૦૨૫ થી જમા છે ,અરજદાર તેઓનાં પરીવાર સાથે વિયેતનામ ખાતે ગ્રુપ ટુરમાં જવાનું હોય અને જે અન્વયે તેઓનાં પરીવાર દ્વારા તા.૧૫/૩/૨૦૨૬ નાં રોજ જવાની અને તારીખ ૨૩/૦૩/૨૦૨૬ નાં રોજ પરત અમદાવાદ ખાતેની ટીકીટ બુક કરાવેલ છે જેથી અરજદારને તા.૧૦/૩/૨૦૨૬ થી ૩૦/૩/૨૦૨૬ સુધી કામચલાઉ ધોરણે પરત આપવા તેમજ વિયેતનામ ખાતે જવા સારૂ સારૂ પરવાનગી આપવા હાલની અરજ ગુજારેલ છે .

(૨) અરજીની હકીકતો વંચાણે લીધી, અરજદાર તરફે વિ.વ.શ્રીની દલીલ સાંભળી ,પોલીસ રીપોર્ટ વંચાણે લીધો, જે અભિપ્રાય મુજબ હાલની પાસપોર્ટ અરજી નામંજુર કરવાનો અભિપ્રાય આપવામાં આવેલ છે, અરજી સાથે આપેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા, જેમા પાસપોર્ટની નકલ તથા વિયેતનામ ની બુક કરેલ ટીકીટની નકલ વંચાણે લીધી.

(૩) આરોપી તરફે હાલની અરજી રજૂ થતાં, જે વંચાણે લેતા સદર પાસપોર્ટ જામીન અરજીનાં હુકમનાં પેરા નં. ૯ કંડીશન નં.જી મુજબ નામદાર કોર્ટમાં ઈન્વર્ડ નં. ૧૩/૨૦૨૫ થી જમા લીધેલ હોવાનું જણાવેલ છે.

(૩) અરજદારની અરજી તથા સમગ્ર કેસ રેકર્ડ વંચાણે લીધુ. આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા તથા ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. આરોપીની હાલની અરજી, આરોપીના વિ. વકીલશ્રીની રજૂઆતો તથા વિ.એ.પી.પી.શ્રીની રજૂઆતો ધ્યાને લેતાં, હાલના આરોપીએ તેમનો પાસપોર્ટ વિદેશ પ્રવાસ અર્થે પરત માંગેલ છે. આરોપીને સદર કેસમાં ડીસ્ચાર્જ કરવામાં આવેલ છે, જેની રીવીજન હાલમાં પેન્ડીંગ છે, આરોપી સામેનો કેસ ચાલીને પૂર્ણ થતાં સુધી સમય વ્યતિત થાય તે સ્વાભાવિક બાબત છે. તેમ જ સદર કામે સાંતેજ પો.સ્ટે ધ્વારા અપાયેલ રીપોર્ટ ધ્યાને લેતા હાલનાં અરજદાર/આરોપી વિરુધ્ધ અન્ય કોઈ ગુનો તેમના વિરુધ્ધ નોધાયેલ ન હોય તેવો રીપોર્ટ આંક : ૫ થી આવેલ હોય, તેમજ અત્રે ની કોર્ટનાં હાલનાં અરજદાર/આરોપીને કામચલાઉ પાસપોર્ટ પરત કરાવવા શરતો સાથે આપવાનો હુકમ થયેલાનુ રજુ રાખેલ હુકમની નકલ આધારે જણાયે છે ત્યારે ઉપરોકત તમામ હકીકતે નામદાર સવોર્ચ્ય અદાલત ધ્વારા બંધારણીય હકકો અંગે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાને લઈ આરોપીની હાલની અરજી શરતો સાથે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામા આવે છે.

**::– હુકમ –::**

(૧) આ કામના **અરજદાર હિતેન આર શાહ**ની હાલની અરજી મંજુર કરવામાં આવે છે. આરોપીનો અત્રેની કોર્ટમાં નાઝરશ્રી પાસે જમા રહેલ પાસપોર્ટ નીચેની વિગતોને આધીન તેઓને સોપવો.

(૨) હાલના અરજદાર/આરોપી ધ્વારા રૂા. ૫૦,૦૦૦/– નાઝર

શાખામાં ડીપોઝીટ પેટે જમા કરાવ્યેથી પાસપોર્ટ રીન્યુ કરાવવાના કામ સારૂ **અત્રેની કોર્ટના નાઝરશ્રી હસ્તકના ઈન્વર્ડ નં.૧૩/૨૦૨૫,** થી જમા થયેલ આરોપીનો પાસપોર્ટ નં. **C8731997** **તા.૧૦/૩/૨૦૨૬ થી તા.૩૦/૩/૨૦૨૬ સુધી** આરોપીને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) અરજદાર/આરોપીએ તેમના પાસપોર્ટ મળ્યેથી અને તે આધારીત વિદેશ જવા ટીકીટ બુક કરાવ્યાની જવા–આવવાાની ટીકીટોની નકલ ફોજદારી કેસ નં.૧૫૫૯/૨૦૨૨ ના કામે મુકવી અને અરજદાર/આરોપીએ પરત આવ્યેથી નિયત સમય મર્યાદામા પાસપોર્ટ અત્રેની અદાલતમાં જમા કરાવવો.

(૪) અરજદાર/આરોપીએ ફોજદારી કેસ નં.૧૫૫૯/૨૦૨૨ માં તેમજ તેઓ વિરુઘ્ઘ સેસન્સ કોર્ટમાં ચાલતી રીવીજનમાં વિદેશ જવા અથે ટ્રાયલ ચલાવવામાં કોઈ વિશેષ લાભ લેવો નહી. તેમજ પાસપોર્ટનો દુરૂપયોગ થાય તેવુ કોઈ કૃત્ય કરવુ નહી .

(૫) ઉપરોકત મુજબ અરજદાર/આરોપી ઘ્વારા જણાવાયેલ શરતોનો ભંગ થાય તો ડિપોઝીટ કરાયેલ રકમ સરકારશ્રી ખાતે જમા લેવામા આવશે જેની આરોપી/અરજદારે નોઘ લેવી.

સ્થળ : કલોલ.
તા. ૦૭/૦૩/૨૦૨૬.

**એ.એચ.હીરાની**
**GJ01184**
**એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ**
**કલોલ.**